## ફક્ત સભાસદો માટે

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

રીઝર્વ બેંક લાયસન્સ નંબર :- ACD. GJ69P તારીખ ૨૩-૨-૧૯૭૬

હેડ ઓફીસ :- નવા ગંજબજાર, ઊંઝા.-૩૮૪૧૭૦ (ઉ.ગુ.) ફોન : ૨૫૪૧૯૮, ૨૫૩૫૯૮, ૨૫૪૫૦૦

બ્રાન્ચ ઓફીસ :- ગાંધીચોક, ઊંઝા.-૩૮૪૧૭૦ (ઉ.ગુ.) ફોન : ૨૪૭૮૬૮

E-mail : info@mccbank.co.in ● IFSC Code : GSCB0UMCCBL

રજીસ્ટર નંબર : સે ૧૬૦૯ તા. ૧૪-૩-૭૫ ઓડીટ વર્ગ 'અ' સ્થાપના : તા. ૨૭-૪-૭૫

# ૪૭ મો વાર્ષિક અહેવાલ

## હિસાબ સને : ૨૦૨૦ - ૨૦૨૧

### બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

| | | |
|---|---|---|
| શ્રી | મહેન્દ્રભાઈ કાન્તિલાલ પટેલ | પ્રમુખ / પ્રોફે. ડીરેક્ટર |
| શ્રી | જિજ્ઞેશભાઈ બાબુલાલ પટેલ | મેનેજીંગ ડીરેક્ટર |
| શ્રી | સચીનકુમાર જયંતિલાલ પટેલ | ઉપપ્રમુખ |
| શ્રી | વિષ્ણુભાઈ રેવાભાઈ પટેલ | ડીરેક્ટર |
| શ્રી | હર્ષદરાય સોમાભાઈ પટેલ | ડીરેક્ટર |
| શ્રી | બાબુલાલ નાથાલાલ પટેલ | ડીરેક્ટર |
| શ્રી | અરવિંદભાઈ દેવચંદભાઈ પટેલ | ડીરેક્ટર / પ્રોફે. ડીરેક્ટર |
| શ્રી | જશવંતભાઈ નાથાલાલ પટેલ | ડીરેક્ટર |
| શ્રી | જશવંતભાઈ બાબુલાલ પટેલ | ડીરેક્ટર |
| શ્રી | ભરતભાઈ ઈશ્વરલાલ પટેલ | ડીરેક્ટર |
| શ્રી | બીપીનભાઈ ચીમનલાલ પટેલ | ડીરેક્ટર |
| શ્રી | અમૃતભાઈ નાથાલાલ પટેલ | ડીરેક્ટર |
| શ્રીમતી | મિલનબેન ભાવિકકુમાર પટેલ | ડીરેક્ટર |
| શ્રી | ગોપાલભાઈ નાથાલાલ પટેલ | ડીરેક્ટર |
| શ્રી | વસંતભાઈ સોમાભાઈ પટેલ | ડીરેક્ટર |
| શ્રી | ભરતભાઈ નરસિંહભાઈ પટેલ | ડીરેક્ટર |
| શ્રી | રમેશભાઈ ભગવાનદાસ પટેલ | ડીરેક્ટર |
| શ્રીમતી | ચંદ્રિકાબેન પ્રવિણભાઈ પટેલ | ડીરેક્ટર |

**મેનેજર**
શ્રી સુરેશભાઈ ઈશ્વરલાલ પટેલ

**ઓડીટર્સ**
એસ. આર.પટેલ એન્ડ કું.
(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) Mem. No. : 136459 વિસનગર.

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

## ૪૭ મો વાર્ષિક અહેવાલ

### હિસાબ સને : ૨૦૨૦ - ૨૦૨૧

ચેરમેનશ્રીનું નિવેદન...

માનવંતા સભાસદ ભાઈ-બહેનો,

આપ સર્વેને બેંકની ૪૭ મી વાર્ષિક સાધારણ સભામાં આવકારતાં આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ. બેંકની પ્રગતિ આપ સૌના સહકારથી બેંકની શરૂઆતથી આજ સુધી વણથંભી આગળ વધી રહી છે. આપણી બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી તા. ૩૧ માર્ચ ૨૦૨૧ ના રોજ પુરા થતા વર્ષના બેંકના ઓડીટ થયેલા વાર્ષિક હિસાબો, સરવૈયું અને નફા-નુકશાન ખાતુ આપની સમક્ષ રજુ કરીએ છીએ.

**ફાળવણી :–**

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સંપૂર્ણ વિચારણા બાદ વર્ષ દરમ્યાન થયેલ ચોખ્ખા નફાની ફાળવણી નીચે દર્શાવ્યા મુજબ કરવા ભલામણ કરેલ છે. જેને આપ સર્વની બહાલી મળી રહે તેવી અપેક્ષા રાખીએ છીએ.

**સને : ૨૦૨૦/૨૦૨૧ ના વર્ષે ભલામણ કરેલ ફાળવણી**

| અ.નં. | વિગત | | ચોખ્ખો નફો રૂા. ૧,૦૭,૩૦,૦૫૧-૭૪ |
|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | નફાના ૨૫ % | ૨૬,૮૨,૫૧૨-૯૪ |
| ૨ | ઈન્વેસ્ટમેન્ટ ફલક્યુએશન ફંડ (રીઝર્વ બેંકની સુચના પ્રમાણે) | નફાના ૨૫ % | ૨૬,૮૨,૫૧૨-૯૪ |
| ૩ | ડિવિડન્ડ | શેર ભંડોળના ૧૨ % સૂચિત | ૯,૯૬,૦૩૧-૦૦ |
| ૪ | શિક્ષણ ફંડ | નફાના ૨ % | ૨,૧૪,૬૦૧-૦૩ |
| ૫ | ધર્માદા ફંડ | નફાના ૨ % | ૨,૧૪,૬૦૧-૦૩ |
| ૬ | ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ | નફાના ૬ % | ૬,૪૩,૮૦૩-૧૦ |
| | | | રૂા. ૭૪,૩૪,૦૬૨.૦૪ |
| | | બાકી રહેતા નફાની વહેચણી | રૂા. ૩૨,૯૫,૯૮૯.૭૦ |
| ૭ | સહકારી પ્રચાર ફંડ | બાકી નફાના ૨ % | ૬૫,૯૧૯-૭૮ |
| | | | રૂા. ૬૫,૯૧૯-૭૮ |
| | | બાકી રહેતા નફાની વહેચણી | રૂા. ૩૨,૩૦,૦૬૯-૯૨ |
| ૮ | શકમંદ લેણાં ફંડ | બાકી નફાના ૨૫ % | ૮,૦૭,૫૧૭-૪૮ |
| ૯ | બિલ્ડીંગ ફંડ | બાકી નફાના ૨૫ % | ૮,૦૭,૫૧૭-૪૮ |
| ૧૦ | જનરલ રીઝર્વ ફંડ | બાકી નફાના ૨૫ % | ૮,૦૭,૫૧૭-૪૮ |
| ૧૧ | ગોલ્ડન જ્યુબીલી ફંડ | બાકી નફાના ૨૫ % | ૮,૦૭,૫૧૭-૪૮ |
| | | | ચોખ્ખો નફો રૂા.૧,૦૭,૩૦,૦૫૧-૭૪ |

# પ્રગતિનાં સુડતાલીસ વર્ષ

**સભાસદ :-**

તા. ૩૧-૦૩-૨૦૨૧ ના રોજ આપણી બેંકના શેર સભાસદોની સંખ્યા ૧૯,૩૭૪ ની છે.

**શેર ભંડોળ તથા અન્ય ભંડોળ :-**

બેંકનું અધિકૃત શેર ભંડોળ રૂા. ૨,૦૦,૦૦,૦૦૦/- (અંકે બે કરોડ પુરા) છે. ભરપાઈ થયેલ શેરમૂડી રૂા. ૭૫,૧૦,૬૭૫-૦૦ છે. આપણી બેંકની નાણાંકીય સ્થિતિને સધ્ધર બનાવવા આપણા પ્રયત્નો સતત જારી છે. તેના પરિણામે બેંકના અનામત અને અન્ય ભંડોળ તા. ૩૧ માર્ચ ૨૦૨૧ ના રોજ રૂપિયા ૨૭,૧૩,૭૮,૪૯૦-૭૩ છે. આ ફંડમાં ઉત્તરોત્તર વધારો થાય છે. જે બેંકની નાણાંકીય સધ્ધરતા સાબીત કરે છે.

**ડિવિડન્ડ :-**

બોર્ડ ઓફ ડીરેક્ટરની મીટીંગના ઠરાવ મુજબ ૧૨% ડિવિડન્ડ આપવાની કાર્યવાહક મંડળે ભલામણ કરી છે. જે આપ સૌ માન્ય રાખશો એવી આશા રાખીએ છીએ.

પેટા નિયમની જોગવાઈ અનુસાર ત્રણ વર્ષથી ઉપરના સમયના બાકી ડિવિડન્ડની થતી રકમ રીઝર્વ ફંડ ખાતે જમા લઈ જવામાં આવતી હોઈ દરેક સભાસદોએ આગળના બાકી ડિવિડન્ડ મેળવી લેવા વિનંતી કરીએ છીએ.

**થાપણો :-**

બેંકના વિકાસ માટે થાપણો જરૂરી છે. વર્ષના અંતે રૂા. ૧,૭૮,૩૪,૮૫,૭૪૩-૨૩ (ઈન્ટ. પેબલ સાથે) કુલ થાપણો થઈ છે.

ડીપોઝીટરશ્રીઓ પોતાની સહકારી બેંક સમજી તેઓની બચતનું રોકાણ કરે છે. તેમનો આભાર માનીએ છીએ. તેઓ બેંકની સધ્ધરતા અને પ્રગતિ માટે આધાર સ્તંભ છે.

**ધિરાણો :-**

એકત્ર કરેલ થાપણો દ્વારા વધારે ધિરાણ કરવાના પ્રયત્નો બોર્ડના રહ્યા છે. બેંકના સભાસદો તરફથી વર્ષ દરમ્યાન આવેલ જુદાજુદા પ્રકારની ધિરાણ અરજીઓ ઉપર સંપૂર્ણ પણે ધ્યાન આપી તેઓને જે તે ધિરાણના નિયમો અનુસાર વધુમાં વધુ ધિરાણ કેમ આપી શકાય તેવું દ્રષ્ટિબિંદુ અમોએ રાખેલ છે. ધિરાણ લેનારાઓની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. જે બેંકના સભાસદો પ્રત્યે ઝડપી સેવાનો અભિગમ દર્શાવે છે. ચાલુ સાલે ઓવરડ્યુ ધિરાણ વસુલ કરવામાં બેંકે જાગૃતિ દાખવી છે તે માટે બેંક રીકવરી ઓફિસરની નિમણુંક કરેલ છે તેમજ કાયદેસર કડક પગલાં ભરવાનો અભિગમ રાખેલ છે.

ચાલુ સાલે ધિરાણ લેનાર વેપારી વર્ગની સંખ્યામાં પણ વધારો થયેલ છે. વધુ ધિરાણ થાય અને ધિરાણ જળવાઈ રહે તેવો અભિગમ વેપારીઓએ પણ રાખવો જોઈએ, બેંક સરળતાથી દરેક ક્ષેત્રે ધિરાણ કરવા હરહંમેશા તત્પર છે અને રહેશે.

વર્ષના અંતે કુલ ધિરાણ રૂા. ૮૧,૩૭,૭૭,૦૨૫-૨૨ રહેલ છે જે બતાવે છે કે બેંકે નફાનો મુખ્ય ધ્યેય નથી રાખેલ પણ ધિરાણ લેનાર વેપારી વર્ગની માગણી સંતોષી છે, લાગણી ને માન આપેલ છે.

ધિરાણ લેનાર સભાસદો તથા જામીનદારોને ધિરાણ નિયમિત અને સમયસર રીન્યુ કરવા વિનંતી. તથા દર માસે વ્યાજ ઉધારવામાં આવે છે. તો ઉધારેલ વ્યાજની રકમ દર માસે ભરવા વિનંતી.

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

**RTGS/NEFT :-**

બેંકના તેમજ શાખાના વહીવટી અનુકુળતા માટે બેંકે સંપૂર્ણ કોમ્પ્યુટરરાઈઝડ સાથે (CBS) કરેલ છે અને RTGS અને NEFT ની પણ સુવિધા ચાલુ કરેલ છે. જેથી બેંક ગ્રાહકોને ઝડપી અને સારી સેવા આપી રહી છે. તેમજ હેડ ઓફિસમાં ગ્રાહકોને કેશ ગણવામાં ઉપયોગી થાય તે માટે કેશ ગણવા મશીન મુકેલ છે.

**NACH E-MANDATE સેવા:-**

બેંક દ્વારા NACH E-MANDATE સેવા શરૂ કરવામાં આવી છે. જેના દ્વારા આપ અન્ય બેંકમાં નિયત કરેલ સમયે ઓટોમેટીક ફંડ ટ્રાન્સફર કરી શકો છો.

**SMS સેવા:-**

બેંકની તમામ SMS સેવા ફ્રી આપવામાં આવે છે. મિસ કોલ દ્વારા બેલેન્સ મેળવવાની SMS સેવા પણ ફ્રી આપવામાં આવે છે. (મિસકોલ મોબાઈલ નં. **૯૫૪૦૭૦૨૨૩૩** છે.) જે મોબાઈલ નં. બેંકના ખાતેદારે ખાતામાં આપેલ હશે તે મોબાઈલ નં. પર બેલેન્સ જાણવા મળશે.

**બેંકની શાખા :-**

બેંકની બજાર શાખા પોતાની માલિકીની સુવિધાવાળા મકાનમાં કામકાજ કરે છે. ચાલુ સાલે ત્યાં પણ ડીપોઝીટરોનો સારો સહકાર પ્રાપ્ત થયો છે. વર્ષના અંતે શાખાની કુલ ડીપોઝીટ રૂા. ૪૪,૪૭,૫૬,૮૨૬-૫૭ છે. જે શાખા સંચાલકશ્રી તથા સ્ટાફની ત્વરીત કામકાજને આભારી છે.

**બેંક સ્ટાફ :-**

બેંકની પ્રગતીના પાયામાં બેંકના કર્મચારીઓનું સ્થાન મહત્વનું છે. કર્મચારી ભાઈ-બહેનોએ જે ખંત અને નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવેલ છે તે બદલ અભિનંદનને પાત્ર છે.

**બોર્ડ તથા કમિટિઓની કામગીરી :-**

અહેવાલ વર્ષ દરમ્યાન બેંકના તમામ ડિરેક્ટરશ્રીઓએ તેમની કામગીરી અત્યંત ઉત્સાહ અને સફળતાપૂર્વક બજાવેલી છે. બેંકના સભાસદોની વિવિધ પ્રકારોના ધિરાણની જરૂરીયાતોને શક્ય તેટલી વધુમાં વધુ સંતોષવા માટે તેમજ કરજદારોના રોજબરોજના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે બેંકના ડિરેક્ટરશ્રીઓ પ્રયત્નશીલ રહ્યા છે. ચાલુ સાલે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની કુલ ૧૫ મીટીંગો મળી હતી. જેમાં તમામ ડિરેક્ટરશ્રીઓ હાજર રહી યોગ્ય માર્ગદર્શન આપી સુંદર વહિવટ કરવા મદદરૂપ થયા તે બદલ અભિનંદનને પાત્ર છે.

**ઓડિટ :-**

એસ. આર પટેલ એન્ડ કું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વિસનગર. એ ચાલુ સાલના વાર્ષિક હિસાબો ઓડિટ કરેલ છે.

**નોંધ : બેંકે** N.P.A. **સામે વધારે જોગવાઈ કરેલ છે. જેથી નેટ** N.P.A. **નીલ છે.**

**આભાર :-**

બેંકના સંચાલન અને વિકાસની કામગીરીમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સના અમારા સાથી મિત્રોએ આપેલ સહકારની સૌ પ્રથમ અમો નોંધ લઈએ છીએ.

સભાસદો, થાપણદારો અને ગ્રાહકોએ ઉષ્માભર્યો સાથ અને સહકાર આપી બેંકની વિકાસની ગતિને વેગ આપેલ છે તે બદલ તેઓ સર્વેનો અમો આભાર માનીએ છીએ. વર્ષ દરમ્યાન બેંકને જરૂર પડે ત્યારે નાણાંકીય ધિરાણ આપનાર આપણા જીલ્લાની મહેસાણા ડી.સે.કો.ઓ. બેંક લિ. ના પ્રમુખશ્રી તથા ડિરેક્ટરશ્રીઓ, મેનેજરશ્રી તથા ઊંઝા શાખાના સ્ટાફનો અમો અત્રે આભાર માનીએ છીએ.

વર્ષ દરમ્યાન સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઊંઝા શાખા તરફથી પણ સારો સહકાર પ્રાપ્ત થયેલ છે. જેની નોંધ લઈએ છીએ. રોકડ નાણાંની તકલીફ દુર કરવાની રજૂઆત કરવા સહકાર આપનાર વેપારી મંડળના પ્રમુખશ્રી તથા સાથે સહકાર આપનાર વેપારીઓનો આભાર માનીએ છીએ. ઊંઝા નગરના સર્વે પત્રકાર મિત્રોનો આભાર માનીએ છીએ.

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

વર્ષ દરમ્યાન ઊંઝા માર્કેટ કમીટી (APMC) તરફથી સહકાર મળેલ છે. અમો ઊંઝા માર્કેટ કમિટી (APMC) ના ચેરમેનશ્રી દિનેશભાઈ પટેલ તથા સભ્યશ્રીઓ અને સેક્રેટરીશ્રીનો આભાર માનીએ છીએ.

વર્ષ દરમ્યાન ઊંઝા ગામની અનેક સંસ્થાઓએ વ્યાજનો દર ઓછો હોવા છતાં અમારા ઉપર વિશ્વાસ મુકી બેંકની થાપણો વધારવા સહકાર આપેલ છે. સંસ્થાઓએ વધુ વ્યાજ નહીં પણ સલામતી સાથે ગામની પોતાની બેંકમાં ડીપોઝીટ મુકી તે બદલ સંસ્થાના હોદ્દેદારોનો આભાર માનીએ છીએ.

ઊંઝા તથા આજુબાજુના ગામના થાપણદારોએ બેંક ઉપર વિશ્વાસ રાખી ડીપોઝીટ મૂકીને તથા રીન્યુ કરાવીને બોર્ડ ઓફ ડીરેક્ટર્સ ઉપર ભરોસો મૂકેલ છે. તે માટે થાપણદારોનો આભાર માનીએ છીએ.

ચાલુ સાલે બોર્ડ ઓફ ડીરેક્ટર્સના સભ્યો તથા મેનેજરશ્રી અને કર્મચારીગણ બેંકના ઓવરડ્યુ ખાતેદારોનો રૂબરૂ સંપર્ક કરેલ છે. અને ઓવરડ્યુ બાબતે જાગૃત રહી કામગીરી કરેલ છે. ઓવરડ્યુમાં તથા એન.પી.એ. માં ઘટાડો થયેલ છે.

વર્ષ દરમ્યાન બેંકે તેના નિયમોની મર્યાદામાં રહીને સર્વે સભાસદો, ખાતેદારો, થાપણદારો વગેરેને શક્ય તેટલી સગવડો-સેવાઓ આપી છે. છતાં જો કોઈને આમાં મુશ્કેલી જણાઈ હોય અગર રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના નિયમો અનુસાર ધિરાણ કે રીકવરી બાબતે બેંકની કામગીરીથી કોઈને મન-દુઃખ થયું હોય તો, આપ સૌ અમોને દર ગુજર કરશો તેવી વિનંતી છે.

વર્ષ દરમ્યાન અમો બેંકમાં અવાર-નવાર જઈ બેંકની કામગીરી સરળ બને, ખાતેદારોને સુગમતા રહે તેની કાળજી રાખતા હતા. અમારા સાથી ડીરેક્ટર મિત્રો પણ બેંકના કામકાજ દરમ્યાન બેંકની મુલાકાત લઈ અમોને માર્ગદર્શન આપતા હતા.

બેંકનું રીનોવેશનનું કામ પૂર્ણ કરેલ છે. જે બેંકને ભવ્યતા સાથે વધુ સગવડ સાથે બનાવેલ છે.

બેંક સેવિંગ અને કરંટ ખાતેદારોને અકસ્માત વિમા યોજનાથી રૂા. બે લાખ (રૂા. ૨,૦૦,૦૦૦/-) ની વિમા સુરક્ષા આપે છે. જેનું પ્રિમિયમ બેંક ભરે છે.

બેંકમાં ૨૦૧૫-૧૬ ના વર્ષથી લોકરની સુવિધા શરૂ કરેલ છે. જેનો લાભ ૨૮૯૩ લોકર ખાતેદારો લઈ રહ્યા છે. તેમાં ગ્રાહકોની સગવડ માટે નવા લોકરોનો વધારો કરવા જઈ રહ્યા છીએ.

ગુજરાત રાજ્યના રજીસ્ટ્રારશ્રી, જીલ્લા રજીસ્ટ્રારશ્રી તથા અન્ય અધિકારીઓના સહકાર બદલ તેઓનો આભાર માનીએ છીએ.

બેંકના તમામ કર્મચારીઓનો પૂરેપૂરો સાથ અને સહકાર મળેલ છે. જેની નોંધ લઈ અમો આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

અંતમાં આપ સૌ સભાસદોએ અમારા ઉપર તેમજ સંચાલક મંડળના અમારા સાથી મિત્રો ઉપર પુરો વિશ્વાસ મુકી બેંકના વિકાસમાં હરહંમેશા સાથ-સહકાર આપેલ છે. તે માટે અમો સર્વેના ઋણી છીએ.

અંતમાં આપના સૌની સહકારી બેંક હજુ વધુ સધ્ધર અને લોકપ્રિય બને તેવી વિનંતી સાથે આપણો સહકાર હજુ વધુ સારો મળશે તેવી અમો આશા રાખીએ છીએ.

ભવદીય,
આપના વિશ્વાસુ,

| | | |
|---|---|---|
| **શ્રી જિજ્ઞેશભાઈ બાબુલાલ પટેલ** | **શ્રી સચીનકુમાર જયંતિલાલ પટેલ** | **શ્રી મહેન્દ્રભાઈ કાન્તિલાલ પટેલ** |
| મેને. ડીરેક્ટરશ્રી | ઉપ-પ્રમુખશ્રી | પ્રમુખશ્રી |

S. R. PATEL & CO.
CHARTERED ACCOUNTANTS
AA/6, TIRUPATI TOWNSHIP, NR-DHAROI COLONY, VISNAGAR-384315.

# INDEPENDENT AUDITORS' REPORT

**To,**
**The Members of**
**Marketyard Com. Co-Op. Bank Ltd.**
**New Ganj Bazar, Unjha-384170. (Gujarat)**

## REPORT ON FINANCIAL STATEMENTS

1. We have audited the accompanying financial statements of Marketyard Commercial Co-Op. Bank Ltd. as at March-2021, which comprise of the Balance Sheet as at 31st March 2021 and Profit and Loss account for the year then ended, and a summary of significant accounting policies and other explanatory information. The returns of all branches audited by us are incorporated in these financial statements.

## MANAGEMENT'S RESPONSIBILITY FOR THE FINANCIAL STATEMENTS

1. Management is responsible for the preparation of these financial statements that give true and fair view of the financial position, financial performance and cash flow of the Bank in accordance with Banking Regulation Act 1949 (as applicable to co-operative societies), the guidelines issued by the National Bank for Agricultural and Rural Development, the Registrar of cooperative Societies-Gujarat, the gujarat Co-Operative Societies Act, 1961 and the Gujarat Co-operative Societies Rules, 1965 (as applicable) and generally accepted accounting principles in India so far as applicable to the Bank. This responsibility includes design, implementation and maintenance of internal control relevant to the financial statement are free from material misstatement, whether due to fraud or error.

## AUDITOR'S RESPONSIBILITY

1. Our responsiblity is to express as opinion on these financial statements based on our audit. We conducted our audit in accordance with the standards on Auditing issued by the Institute of Chartered Accountants of India. Those standards require that we comply with ethical requirements and plan and perform the audit to obtain reasonable assurances about whether the financial statements are free from material misstatement.

4. An audit involves performing procedures to obtain audit evidence about the amounts and disclosures in the financial statements. The procedures selected depend on the auditors judgment, including the assessment of the risks of material misstatement of the financial statements, whether due to fraud or error. In making those risk assessments, the auditor considers internal control relevant to the bank's preparation and fair presentation of the financial statements in order to design audit procedures that are appropriate in the circumstances, but not for the purpose of expressing an opinion on effectiveness of the entity's internal control. An audit also includes evaluating the appropriateness of accounting policies used and the reasonableness of the accounting estimates made by management, as well as evaluating the overall presentation of the financial statements.

5. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our audit opinion.

**OPINION**

6. Subject to our remarks given in this Audit Report, Audit Memo (Gujarat) Part-I and II and Branch wise General Remarks attached thereto, in our opinion, and to the best of our information and according to the explanations given to us. The financial statements together with notes to accounts read with significant accounting policies give the information required by the Banks Regulation Act 1949 (as applicable to co-operative societies), The Gujarat, the Gujarat co-operative Societies Act, 1961 and the guidelines issued by the National Bank for Agricultural and Rural development (as applicable) and guidelines issued by the Reserve Bank Of India and the Registrar of co-operative Societies in the manner so required give a true and fair view in conformity with the accounting principles generally accepted in India :

   A) In the case of the Balance Sheet, of State of affairs of the bank as at $31^{st}$ March, 2021.

   B) In the case of the Profit and Loss account, of the profit for the year ended on that date and,

**REPORT ON OTHER LEGAL AND REGULATORY REQUIRMENTS**

7. The Balance Sheet and Profit and Loss account have been drawn up in Form “A” and “B” Respectively of the third schedule to the Banking Regulation Act, 1949 and provisions of The Gujarat co-operative societies Act, 1961 and Gujarat co-operative societies Rules, 1965.
8. We report that,

   A) We have obtained all the information and explanations which to the best of our knowledge and belief were necessary for the purpose of the audit have found them to be satisfactory.

   B) In our opinion, proper books of account as required by law have been kept by the bank so far it appears from our examination of those books and proper returns adequate for the purpose of our audit have been received from the branches of the bank.

   C) The transitions of the bank which have come to our notice are within the powers of the bank.

   D) The Balance Sheet and profit and loss accounts dealt with by this report, age in agreement with the books of account and the returns.

   E) The accounting standards adopted by the bank are consistent with those laid down by accounting principles generally accepted in India so far as applicable to banks.
9. We further report that for the year under audit, the bank has been awarded “A” classification.

**For, S.R. PATEL & Co.**
**Chartered Accountants**
**Firm Reg. No. : 131138W**
**Penal No. : 87**

**Place : VISNAGAR**
**Date : 11-06-2021**



**C A SHARMIL R. PATEL**
**PROPRIETOR,**
**Member No. 136459**
**UDIN : 21136459AAAAFD2078**

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

| તા. ૩૧-૩-૨૦૨૦ રૂપિયા પૈસા | તા. ૩૧-૩-૨૦૨૧ આખરનું સરવૈયું ભંડોળ અને દેવું | તા. ૩૧-૩-૨૦૨૧ રૂપિયા પૈસા |
|---|---|---|
| | **૧. શેર ભંડોળ** | |
| **૨,૦૦,૦૦,૦૦૦-૦૦** | ૧. અધિકૃત શેર ભંડોળ રૂપિયા ૨,૦૦,૦૦,૦૦૦/- ના | **૨,૦૦,૦૦,૦૦૦-૦૦** |
| | રૂા. ૨૫/- નો એક એવા ૮,૦૦,૦૦૦-૦૦ શેર | |
| ૮૯,૮૩,૩૭૫-૦૦ | ૨. ભરાયેલ અને વસુલ આવેલ શેર | ૭૫,૧૦,૬૭૫-૦૦ |
| | ભંડોળ રૂપિયા રૂા. ૨૫-૦૦ નો એક | |
| | એવા ૩,૦૦,૪૨૭ શેર વ્યક્તિઓ પાસે | |
| | **૨. રીઝર્વ ફંડ અને અન્ય ફંડ :** | |
| ૪,૯૯,૫૩,૭૧૯-૧૯ | ૧. સ્ટેચ્યુટરી રીઝર્વ ફંડ | ૫,૩૯,૯૮,૨૪૮-૯૧ |
| ૨,૦૯,૫૮,૧૩૧-૮૦ | ૨. બિલ્ડીંગ ફંડ | ૨,૨૦,૫૯,૧૬૭-૪૩ |
| ૫૩,૭૮,૫૦૭-૨૫ | ૩. ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ | ૬૨,૨૪,૬૫૨-૩૦ |
| ૩,૩૯,૧૧,૮૩૦-૨૭ | ૪. ડુબત અને શકમંદ લેણા રીઝર્વ ફંડ | ૩,૪૦,૧૨,૮૬૫-૯૦ |
| ૭૦,૦૨,૦૦૩-૮૭ | ૫. ગોલ્ડન જ્યુબીલી ફંડ | ૮૧,૦૩,૦૩૯-૫૦ |
| ૨૪,૦૭,૪૮૩-૪૧ | ૬. ધર્માદા ફંડ | ૨૬,૮૯,૫૩૧-૭૬ |
| ૧૧,૩૩,૨૭૪-૩૫ | ૭. સહકારી પ્રચાર ફંડ | ૧૨,૨૩,૧૫૪-૮૧ |
| ૧,૧૫,૩૮,૪૪૨-૧૦ | ૮. જનરલ રીઝર્વ ફંડ | ૧,૨૬,૪૧,૩૮૭-૭૩ |
| ૨,૨૫,૦૦,૦૦૦-૦૦ | ૯. રોકાણ પર ઘસારા ફંડ | ૨,૨૫,૦૦,૦૦૦-૦૦ |
| ૧,૫૧,૦૭૮-૦૦ | ૧૦. પ્રોવિઝન ફોર એમ.એમ.સી. ડીપોઝીટ | ૦૦-૦૦ |
| ૧૮,૦૦,૦૦૦-૦૦ | ૧૧. સ્ટાન્ડર્ડ એસેટ્સ જોગવાઈ | ૨૮,૦૦,૦૦૦-૦૦ |
| ૮૪,૮૬,૦૬૯-૫૫ | ૧૨. ઈન્વેસ્ટમેન્ટ ફલકચ્યુલાઈઝેશન ફંડ | ૧,૨૦,૧૧,૬૭૩-૯૨ |
| ૩૧,૧૪,૪૦૩-૯૩ | ૧૩. અર્બન બેંક ક્રેડીટ ઈક્વીલાઈઝેશન ફંડ | ૩૧,૧૪,૪૦૩-૯૩ |
| | **૩. મુખ્ય/ગૌણ રાજ્ય ભાગીદારી ફંડ ખાતુ :** | |
| | **૪. થાપણો : (બધીજ વ્યક્તિઓની)** | |
| ૯૯,૯૭,૧૪,૩૦૧-૭૫ | ૧. બાંધી મુદતની થાપણો + રીકરીંગ | ૧,૨૫,૬૧,૫૯,૦૧૮-૦૩ |
| ૧૯,૫૭,૦૨,૧૫૨-૩૨ | ૨. સેવિંગ્સ થાપણો | ૨૦,૬૩,૯૦,૦૧૨-૩૬ |
| ૧૭,૭૨,૫૧,૪૨૦-૫૬ | ૩. ચાલુ થાપણો (કરંટ) | ૧૮,૦૭,૪૦,૨૦૭-૩૦ |
| ૨,૯૧,૬૫,૦૦૦-૦૦ | ૪. લોકર ડીપોઝીટ | ૨,૯૧,૬૦,૦૦૦-૦૦ |
| ૧૩,૬૯,૧૫૭-૮૭ | ૫. ધિરાણ ખાતાની જમા બાકી | ૨૧,૩૧,૨૮૫-૫૪ |
| | ટોટલ થાપણો ૧,૬૭,૪૫,૮૦,૫૨૩-૨૩ | |
| | **૫. કરજ** | |
| ૦-૦૦ | ૧. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ફિક્સ સામે લોન | ૦-૦૦ |
| ૦-૦૦ | ૨. દેના બેંક ફિક્સ સામે લોન | ૦-૦૦ |
| ૦-૦૦ | **૬. બિલ ફોર કલેક્શન :** | ૦-૦૦ |
| | સામી બાજુએ જણાવ્યા પ્રમાણે | |
| **૧૫,૮૦,૨૦,૩૫૧-૨૨** | **સરવાળો આગળ લઈ ગયા** | **૧,૮૬,૩૪,૬૯,૩૨૪-૪૨** |

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

| તા. ૩૧-૩-૨૦૨૦<br>રૂપિયા પૈસા | તા. ૩૧-૩-૨૦૨૧ આખરનું સરવૈયું<br>મિલ્કત અને લહેણું | | તા. ૩૧-૩-૨૦૨૧<br>રૂપિયા પૈસા |
|---|---|---|---|
| | **૧. રોકડ** | | |
| | હાથ ઉપર તથા રીઝર્વ બેંક તથા | | |
| | ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક તથા | | |
| ૧,૮૨,૯૯,૯૬૭.૪૮ | મહેસાણા ડી. સેન્ટ્રલ કો. ઓ. બેંકમાં | | ૬,૯૩,૩૫,૮૬૮.૩૦ |
| | **૨. બીજી બેંકોમાં સિલક :** | | |
| ૬,૪૬,૬૬,૩૯૧-૧૭ | ૧. ચાલુ ખાતામાં | | ૭,૭૮,૦૮,૦૬૧-૬૩ |
| | ૨. બાંધી મુદત ખાતામાં | | |
| | ૧.મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક તથા | | |
| ૪,૦૦,૦૦૦-૦૦ | ગુજરાત સ્ટેટ કો.ઓપ.લી. (MA Scheme સાથે) | | ૪,૦૦,૦૦૦-૦૦ |
| ૧૬,૯૪,૦૦,૦૦૦-૦૦ | ૨.અન્ય બેંકમાં (ફિક્સ ડીપોઝીટ) | | ૧૭,૯૪,૦૦,૦૦૦-૦૦ |
| | **૧. રોકાણો :** | | |
| | ૧.કેન્દ્ર સરકારની જામીનગીરી | ૨૩,૮૮,૪૦,૦૦૦-૦૦ | |
| | ૨.રાજ્ય સરકારની જામીનગીરી | ૧૫,૮૨,૯૦,૦૦૦-૦૦ | |
| ૮૨,૯૯,૩૧,૦૭૦-૦૦ | ૩.ગવર્મેન્ટ ટ્રેઝરી બીલો | ૩૯,૬૨,૫૧,૪૫૦-૦૦ | ૭૯,૩૩,૮૧,૪૫૦-૦૦ |
| | **૨. સરકારી સંસ્થાના શેરોમાં :** | | |
| | ૧.મૂડી બેંકના ૨૫નો એક એવા | | |
| | ૬૦૧૬૦૦ શેરોમાં | ૩૧,૪૦,૦૦૦-૦૦ | |
| ૧,૫૦,૪૫,૦૦૦-૦૦ | ૨.ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંકના શેરો | ૫,૦૦૦-૦૦ | ૩૧,૪૫,૦૦૦-૦૦ |
| | **૩. અન્ય સંસ્થામાં રોકાણ** (Provising) **:** | | |
| | ૧.સી.આર.બી. કેપીટલ લિ. | ૨,૦૦,૦૦,૦૦૦-૦૦ | |
| | ૨.ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ લિ. | ૨૫,૦૦,૦૦૦-૦૦ | |
| ૨,૨૬,૫૧,૦૭૮-૦૦ | ૩. માધવપુરા મર્કેન્ટાઈલ બેંક લિ. | ૦૦-૦૦ | ૨,૨૫,૦૦,૦૦૦-૦૦ |
| | **૪. મુખ્ય ગૌણ રાજ્ય ભાગીદારી ફંડ રોકાણ :** | | |
| | **૫. ધિરાણ :** | | |
| | ૧) ટુંકી મુદતની લોન, કેશક્રેડીટ, ઓવરડ્રાફ્ટ | | |
| ૩૬,૪૬,૬૩,૨૨૬-૩૫ | અને બીલ ડીસ્કાઉન્ટ વિગેરે | | ૫૬,૭૦,૨૮,૧૩૨-૦૬ |
| | ઉપરના ધિરાણ પૈકી મુદત વીતી બાકી | | |
| ૧૨,૭૫,૬૨,૭૩૦-૬૯ | ૨) મધ્યમ મુદત વીતી લોન | | ૧૭,૧૫,૪૩,૮૫૭-૧૭ |
| | ઉપરના પૈકી મુદત વીતી બાકી | | |
| ૪,૭૬,૧૬,૬૬૯-૨૦ | ૩) લાંબી મુદતની લોન | | ૭,૫૨,૦૫,૦૩૫-૯૯ |
| | **ટોટલ ધિરાણ** | ૮૧,૩૭,૭૭,૦૨૫-૨૨ | |
| ૧,૩૪,૭૯,૫૭૯-૦૦ | **૬. મળવા પાત્ર વ્યાજ :** | | ૧,૦૬,૮૩,૪૦૧-૦૦ |
| **૧,૬૭,૩૭,૧૫,૭૧૧-૮૯** | **સરવાળો આગળ લઈ ગયા.** | | **૧,૯૭,૦૪,૩૦,૮૦૬-૧૫** |

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

| તા. ૩૧-૩-૨૦૨૦ રૂપિયા પૈસા | તા. ૩૧-૩-૨૦૨૧ આખરનું સરવૈયું ભંડોળ અને દેવું | તા. ૩૧-૩-૨૦૨૧ રૂપિયા પૈસા |
|---|---|---|
| ૧૫,૮૦,૨૦,૩૫૧-૨૨ | આગળનો સરવાળો | ૧,૮૬,૩૪,૬૯,૩૨૪-૪૨ |
| ૦૦-૦૦ | **૭. બ્રાન્ચોના એડજસ્ટમેન્ટ :** | ૦૦-૦૦ |
| ૨,૮૭,૧૨૦-૦૦ | **૮. મુદત વિતેલ વ્યાજ મુજબ રીઝર્વ : (OIR)** | ૬,૭૧,૬૮૧-૦૦ |
| ૯,૦૩,૭૫,૪૬૫-૦૦ | **૯. વ્યાજ આપવાનું બાકી :** | ૧૦,૮૯,૦૫,૨૨૦-૦૦ |
| | **૧૦. અન્ય જવાબદારીઓ :** | |
| ૧૬,૩૨૧-૦૦ | ૧. પે સ્લીપ એકાઉન્ટ | ૭૯,૮૩૪-૦૦ |
| ૩,૦૬,૦૦૦-૦૦ | ૨. અન પેઈડ જવાબદારીઓ | ૩,૪૫,૬૭૫-૦૦ |
| ૧૦,૨૨,૨૧૭-૦૦ | ૩. અન ક્લેઈમ્ડ ડિવિડન્ડ | ૧૭,૨૩,૫૫૭-૦૦ |
| ૭૩,૯૭,૨૧૭-૦૦ | ૪. સ્ટાફ ગ્રેજ્યુઈટી (CONTRA) | ૬૦,૮૫,૮૪૦-૦૦ |
| ૧,૯૯,૩૯,૫૫૦-૦૦ | ૫. એમ્પ્લોઈઝ PF પેબલ (CONTRA) | ૧,૫૧,૭૯,૬૬૧-૦૦ |
| ૪,૯૯,૦૩૮-૦૦ | ૬. TDS ઓન ઈન્ટરેસ્ટ | ૫,૧૮,૭૫૨-૦૦ |
| ૯,૨૦,૮૬૨-૦૦ | ૭. એમ્પ્લોઈઝ લીવ એનકેશમેન્ટ | ૫,૩૪,૪૩૩-૦૦ |
| ૬૫,૦૦,૦૦૦-૦૦ | ૮. ઈન્કમટેક્ષ ૨૦૧૯-૨૦ (જોગવાઈ) | ૦૦-૦૦ |
| ૦૦-૦૦ | ૯. ઈન્કમટેક્ષ ૨૦૨૦-૨૧ (જોગવાઈ) | ૨૭,૦૦,૦૦૦-૦૦ |
| ૧,૦૪,૨૭૧-૦૦ | ૧૦. સ્ટાફ પ્રોવિડંડ ફંડ | ૦૦-૦૦ |
| ૨૮,૮૫૭-૦૦ | ૧૧. પેન્શન યોજના ફંડ | ૦૦-૦૦ |
| ૨૦,૦૦૦-૦૦ | ૧૨. સ્ટાફ ઈન્કમટેક્ષ એડવાન્સ | ૦૦-૦૦ |
| ૬,૭૮૦-૦૦ | ૧૩. પ્રોફેશનલ ટેક્સ | ૦૦-૦૦ |
| ૧૨,૧૩,૩૭૩-૦૦ | ૧૪. એમ્પ્લોઈઝ સ્પેશીયલ એલાઉન્સ | ૦૦-૦૦ |
| ૩૨૦-૦૦ | ૧૫. TDS ઓન પ્રોફેશનલ ફી | ૮,૩૨૫-૦૦ |
| | ૧૬. શેર અનામત | ૧,૫૧૫-૦૦ |
| | ૧૭. FD સંડ્રીઝ ખાતું | ૧,૪૦,૦૦૦-૦૦ |
| | ૧૮. TDS અન કેશ વિડ્રો | ૧૬,૮૦૮-૪૮ |
| | **૧૧. નફા અને નુકશાન :** | |
| | ગત વર્ષનો નફો (૨૦૧૯-૨૦) ૧,૪૧,૦૨,૪૧૭-૪૭ | |
| | બાદ વહેચણી ૧,૪૧,૦૨,૪૧૭-૪૭ | |
| ૧,૪૧,૦૨,૪૧૭-૪૭ | ઉમેરો ચાલુ વર્ષનો નફો ૧,૦૭,૩૦,૦૫૧-૭૪ | ૧,૦૭,૩૦,૦૫૧-૭૪ |
| | **૧૨. આકસ્મિત જવાબદારીઓ :** | |
| | ૧. DEAF A/C (RBI) રૂા. ૪,૨૭,૫૮૫-૦૬ | |
| **૧,૭૨,૩૨,૬૦,૧૫૯-૬૯** | **કુલ સરવાળો** | **૨,૦૧,૧૧,૧૦,૬૭૭-૬૪** |

**DEAF A/C. (RBI) રૂા. ૪,૨૭,૫૮૫.૦૬ અમારા આજ તારીખના ઓડીટ રીપોર્ટ તથા સામાન્ય શેરોને આધીન**

**સ્થળ : વિસનગર**
**તારીખ : ૧૧-૦૬-૨૦૨૧**

ઓડીટર્સ :: **એસ. આર.પટેલ એન્ડ કું.**
**(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)** (Mem. No. : 136459)

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

| તા. ૩૧-૩-૨૦૨૦ રૂપિયા પૈસા | તા. ૩૧-૩-૨૦૨૧ આખરનું સરવૈયું મિલ્કત અને લહેણું | | તા. ૩૧-૩-૨૦૨૧ રૂપિયા પૈસા |
|---|---|---|---|
| ૧,૬૭,૩૭,૧૫,૭૧૧-૮૯ | આગળનો સરવાળો | | ૧,૯૭,૦૪,૩૦,૮૦૬-૧૫ |
| | મળવાપાત્ર વ્યાજ (સિક્યુરીટી) | ૬૨,૩૨,૬૦૭-૦૦ | |
| | મળવાપાત્ર વ્યાજ (ડિપોઝીટ) | ૩૭,૭૯,૧૧૩-૦૦ | |
| | ઓવરડ્યુ ઈન્ટરેસ્ટ (NPA) (CONTRA) | ૬,૭૧,૬૮૧-૦૦ | |
| | **૭. બિલ ફોર રીસીવેબલ :** | | |
| | સામી બાજુએ બીલ્સ ફોર કલેક્શન પ્રમાણે | ૦-૦૦ | |
| | **૮. બ્રાન્ચોના એડજસ્ટમેન્ટ :** | ૦-૦૦ | |
| | **૯. મકાનો :** શરૂઆતની બાકી | ૨૭,૩૭,૫૮૧-૮૪ | |
| | ઉમેરો - ખરીદી | ૧,૦૬,૨૫૭-૬૦ | |
| | બાદ વેચાણ | ૦૦-૦૦ | |
| ૨૩,૨૬,૧૫૪-૮૪ | બાદ ઘસારા ફંડ | ૫,૩૨,૫૧૯-૦૦ | ૨૩,૧૧,૩૨૦-૪૪ |
| | **૧૦. ફર્નિચર અને સરંજામ** શરૂઆતની બાકી | ૯૦,૬૪,૭૦૮-૩૮ | |
| | ઉમેરો - ખરીદી | ૧૧,૬૦૦-૦૦ | |
| | બાદ વેચાણ | ૮,૧૦૦-૦૦ | |
| ૪૬,૬૬,૦૧૩-૬૩ | બાદ ઘસારા ફંડ | ૪૮,૬૫,૦૬૬-૧૧ | ૪૨,૦૩,૧૪૨-૨૭ |
| | **૧૧. કોમ્પ્યુટર એન્ડ પાર્ટસ** શરૂઆતની બાકી | ૨૧,૯૧,૮૮૮-૩૭ | |
| | ઉમેરો - ખરીદી | ૯૯,૪૪૯-૨૨ | |
| | બાદ વેચાણ | ૪,૦૦૦-૦૦ | |
| ૪,૫૭,૧૫૬-૬૩ | બાદ ઘસારા ફંડ | ૧૯,૧૬,૩૮૦-૩૨ | ૩,૭૦,૯૫૭-૨૭ |
| | **૧૨. લોકર :- શરૂઆતની બાકી** | ૭૦,૧૦,૫૩૩-૦૦ | |
| | ઉમેરો - ખરીદી | ૧૮,૩૧,૩૫૧-૦૦ | |
| | બાદ વેચાણ | ૦૦-૦૦ | |
| ૬૧,૧૧,૧૪૩-૦૨ | બાદ ઘસાર ફંડ | ૧૦,૯૭,૯૫૨-૩૩ | ૭૭,૪૩,૯૩૧-૬૭ |
| | **૧૩. જનરેટર :** શરૂઆતની બાકી | ૮,૪૦,૪૫૯-૪૬ | |
| | ઉમેરો-ખરીદી | ૦૦-૦૦ | |
| | બાદ વેચાણ | ૦૦-૦૦ | |
| ૬,૧૯,૨૭૮-૭૧ | બાદ - ઘસારા ફંડ | ૨,૮૩,૧૦૮-૬૨ | ૫,૫૭,૩૫૦-૮૪ |
| | **૧૪. અન્ય મિલ્કતો તથા એડવાન્સીસ :** | | |
| | ૧. પ્રિપેડ ખર્ચ | ૫૦,૨૯૩-૦૦ | |
| | ૨. ઈ-સ્ટેમ્પ અનામત | ૪,૦૬,૩૮૦-૦૦ | |
| | ૩. ફેસ્ટીવલ એડવાન્સ | ૩,૧૧,૧૬૦-૦૦ | |
| | ૪. સ્ટાફ ગ્રેજ્યુઈટી (LIC) (CONTRA) | ૬૦,૮૫,૮૪૦-૦૦ | |
| | ૫. એમ્પ્લોઈઝ PF (PF OFFICE) (CONTRA) | ૧,૫૧,૭૯,૬૬૧-૦૦ | |
| | ૬. એડવાન્સ INCOME TAX (FY 19/20)(AY20/21) | ૦૦-૦૦ | |
| | ૭. એડવાન્સ INCOME TAX (FY 20/21)(AY21/22) | ૨૫,૦૦,૦૦૦-૦૦ | |
| | ૮. DEAF CLAIM FROM RBI | ૦૦-૦૦ | |
| | ૯. DEAF INTEREST RECEIVABLE | ૦૦-૦૦ | |
| | ૧૦. INT EX-GRATIA R'BLE | ૭,૮૨,૩૧૦-૦૦ | |
| ૩,૫૩,૬૪,૭૦૦-૯૭ | ૧૧. TDS Receivable (Bank Deposit) | ૧,૭૭,૫૨૫-૦૦ | ૨,૫૪,૯૩,૧૬૯-૦૦ |
| ૦૦-૦૦ | **૧૫. બિલ્ડીંગ વર્ક ઈન પ્રોગ્રેસ :** | | |
| **૧,૭૨,૩૨,૬૦,૧૫૯-૬૯** | **કુલ સરવાળો** | | **૨,૦૧,૧૧,૧૦,૬૭૭-૬૪** |

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

## તા. ૩૧-૩-૨૦૨૧ ના રોજ પુરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતું

| તા. ૩૧-૩-૨૦૨૦ રૂપિયા પૈસા | જાવક ખર્ચ | તા. ૩૧-૩-૨૦૨૧ રૂપિયા પૈસા |
|---|---|---|
| ૧૫,૪૦,૫૪,૭૬૮-૮૮ | ૧. વ્યાજ થાપણો ઉપર રૂા. ૧૬,૮૯,૫૪,૩૧૬-૨૧<br>વ્યાજ કરજ ઉપર રૂા. ૧,૫૩,૯૯૪-૯૬ | ૧૬,૯૧,૦૮,૩૧૧-૧૭ |
| ૧,૨૦,૨૫,૭૩૯-૦૦ | ૨. પગાર, ભથ્થાં | ૧,૧૦,૬૦,૭૪૮-૦૦ |
| ૦૦-૦૦ | ૩. એમ્પ્લોઈઝ લીવ એનકેશમેન્ટ | ૦૦-૦૦ |
| ૩,૬૩,૦૭૪-૦૦ | ૪. ભાડુ, કરવેરા અને વિજળી વગેરે | ૩,૫૬,૦૩૦-૦૦ |
| ૦૦-૦૦ | ૫. લીગલ ફી | ૦૦-૦૦ |
| ૧,૫૧,૭૪૧-૪૫ | ૬. પોસ્ટેજ, તાર અને ટેલીફોન ચાર્જ | ૧,૫૯,૦૦૮-૦૦ |
| ૧,૪૬,૨૦૦-૦૦ | ૭. ઓડિટ ફી | ૨,૬૮,૯૮૩-૮૮ |
| ૯,૬૭,૯૭૨-૯૬ | ૮. ઘસારો અને મિલકત મરામત | ૧૦,૨૯,૬૦૨-૧૬ |
| ૧૨,૬૫,૪૪૬-૧૦ | ૯. સ્ટેશનરી, છપામણી, જાહેરખબર | ૧,૯૮,૦૫૪-૦૦ |
| ૨૮,૪૦૦-૦૦ | ૧૦. મુસાફરી ખર્ચ | ૧૦,૪૦૦-૦૦ |
| ૩,૩૭,૩૨૯-૦૦ | ૧૧. કેશ, મકાન, ગૃપ એક્સિડન્ટ વીમા પ્રીમીયમ | ૩,૨૮,૪૮૯-૮૪ |
| ૧૨,૬૮,૩૮૬-૫૨ | ૧૨. ડીપોઝીટ વીમા પ્રીમીયમ (DICGC) | ૧૮,૪૪,૬૦૧-૭૮ |
| | **૧૩. અન્ય ખર્ચ :** | |
| ૭૧,૧૦૦-૦૦ | ૧. ફેડરેશન સેમીનાર ખર્ચ | ૧૦,૦૦૦-૦૦ |
| ૨૪,૧૦૪-૮૧ | ૨. ક્લીયરીંગ ચાર્જ | ૨૩,૧૮૩-૫૮ |
| ૦૦-૦૦ | ૩. સરદાર પટેલ સ્ટેચ્યુ ખર્ચ | ૦૦-૦૦ |
| ૧૫,૦૦૦-૦૦ | ૪. સભ્ય ફી (અર્બન ફેડરેશન) | ૨૫,૩૧૦-૦૦ |
| ૩,૫૫,૦૨૬-૮૯ | ૫. પરચુરણ ખર્ચ | ૩,૧૩,૩૮૬-૩૦ |
| ૪,૯૮,૩૭૧-૦૦ | ૬. પી.એફ. ફોર બેંક કોન્ટ્રીબ્યુશન | ૪,૬૯,૫૫૨-૦૦ |
| ૧,૦૪,૩૦૦-૦૦ | ૭. સ્ટાફ ડ્રેસ ખર્ચ | ૦૦-૦૦ |
| ૩૨,૨૪૫-૦૦ | ૮. સરભરા ખર્ચ | ૪,૬૬૫-૦૦ |
| ૧૬,૭૫૫-૦૦ | ૯. કન્વેયન્સ ખર્ચ | ૨૦,૨૧૦-૦૦ |
| ૩૮,૬૩૨-૦૦ | ૧૦. મ્યુન્સિપાલીટી કરવેરા | ૪૨,૦૫૩-૦૦ |
| ૪,૫૩,૫૩૨-૬૦ | ૧૧. કોમ્પ્યુટર પ્રોગ્રામ મેન્ટે. ખર્ચ | ૩,૯૧,૨૯૭-૬૨ |
| ૦૦-૦૦ | ૧૨. CKYC મેન્ટેનન્સ ચાર્જ | ૦૦-૦૦ |
| ૩,૫૧,૪૯૧-૦૦ | ૧૩. પેન્શન યોજના ફંડ | ૩,૩૫,૯૨૩-૦૦ |
| ૧,૧૬,૦૦૦-૦૦ | ૧૪. કન્સલ્ટીંગ ફી | ૧,૯૯,૨૦૦-૦૦ |
| ૦૦-૦૦ | ૧૫. કેશ ટ્રાન્ઝેક્શન ચાર્જ | ૦૦-૦૦ |
| ૦૦-૦૦ | ૧૬. સ્ટાફ ટ્રેનીંગ | ૦૦-૦૦ |
| ૪૨,૦૦૦-૦૦ | ૧૭. ડોનેશન ફી | ૨૧,૦૦૦-૦૦ |
| ૪૪,૧૦૦-૩૦ | ૧૮. SMS ચાર્જ | ૮૭,૧૦૬-૨૦ |
| **૧૭,૨૭,૭૧,૭૧૬-૫૧** | **કુલ સરવાળો** | **૧૮,૬૩,૦૭,૧૧૫-૫૩** |

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

## તા. ૩૧-૩-૨૦૨૧ ના રોજ પુરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતું

| તા. ૩૧-૩-૨૦૨૦ રૂપિયા પૈસા | આવક (ઉપજ) | તા. ૩૧-૩-૨૦૨૧ રૂપિયા પૈસા |
|---|---|---|
| ૧૯,૪૩,૩૩,૮૭૮-૭૬ | વ્યાજ ધિરાણ ઉપર રૂા. ૧૫,૨૫,૬૪,૩૪૪-૨૧<br>સીક્યુરીટી રોકાણો ઉપર વ્યાજ રૂા. ૩,૦૪,૯૩,૮૭૧-૩૬<br>બેંકોની રસીદો ઉપર વ્યાજ રૂા. ૯૯,૪૬,૧૬૮-૦૦<br>આત્મનિર્ભર લોન ઉપર વ્યાજ રૂા. ૨૭,૦૮,૨૯૫-૦૦ | ૧૯,૫૭,૧૨,૬૭૮-૫૭ |
| ૧,૪૫,૫૨૧-૪૪ | કમિશન RTGS અને દલાલી | ૧,૭૩,૭૦૧-૪૬ |
| | **અન્ય આવક** | |
| ૨,૬૬૫-૦૦ | શેર ટ્રાન્સફર ફી | ૨,૧૬૫-૦૦ |
| ૫૪,૦૦૧-૯૮ | ગોડાઉન ચાર્જ | ૩૪,૫૯૦-૭૯ |
| ૧,૩૧,૭૬૫-૩૭ | ઈન્સીડેન્ટલ ચાર્જ | ૨,૬૭,૯૫૨-૬૯ |
| ૭૫૦-૦૦ | શેર ડિવિડન્ડ | ૦૦-૦૦ |
| ૧૫,૫૯૪-૦૦ | સ્ટેટમેન્ટ ચાર્જ | ૨૩,૩૮૮-૨૦ |
| ૧૯,૯૨૯-૫૪ | મીનીમમ બેલેન્સ ચાર્જ | ૬,૭૫૦-૦૦ |
| ૧૪,૨૦૦-૦૦ | ચેક રીટર્ન ચાર્જ | ૧૬,૩૭૮-૪૦ |
| ૧,૨૦૦-૦૦ | ડુપ્લીકેટ શેરસર્ટી/આઈકાર્ડ ચાર્જ/પાસબુક | ૨,૫૦૫-૦૦ |
| ૫૨,૫૬૮-૦૦ | ચેકબુક ઈશ્યુ ચાર્જ | ૬૫,૧૭૭-૦૦ |
| ૧,૩૫૦-૦૦ | રીન્યુઅલ ચાર્જ | ૦૦-૦૦ |
| ૨,૬૦૦-૦૦ | ડોક્યુમેન્ટસ તથા પ્રોસેસીંગ ચાર્જ | ૧,૨૦૦-૦૦ |
| ૧૬,૯૦૦-૦૦ | લોકર ટ્રાન્સફર ફી | ૨૫,૧૦૦-૦૦ |
| ૦૦-૦૦ | ડ્રાફ્ટ / પે-સ્લીપ કેન્સલ ચાર્જ | ૨૫-૦૦ |
| ૦૦-૦૦ | PRIOR PERIOD INCOMETAX EXCESS PROVISION RECALL | ૫,૦૦,૦૦૦-૦૦ |
| ૦૦-૦૦ | આત્મનિર્ભર ઈન્સેન્ટીવ આવક | ૧૧,૦૮,૦૦૦-૦૦ |
| ૦૦-૦૦ | RECALLED PROVISOINS | ૧,૫૧,૦૭૮-૦૦ |
| ૧,૯૩,૯૨૦-૦૦ | INCOME TAX REFUND | ૫,૧૦,૫૭૩-૫૬ |
| ૧,૧૦,૦૦૦-૦૦ | ADVERTISEMENT INCOME | ૦૦-૦૦ |
| ૨,૦૦,૦૦૦-૦૦ | DONATION RECOVERY | ૦૦-૦૦ |
| ૦૦-૦૦ | લોકર ભાડું | ૨૨,૧૬,૩૫૦-૦૦ |
| ૦૦-૦૦ | ઈન-ઓપરેટીવ ચાર્જ | ૪૦૩-૦૦ |
| ૧,૧૦૦-૦૦ | CREDIT REPORT CHARGE | ૩,૬૦૦-૦૦ |
| **૧૯,૫૨,૯૭,૯૪૪-૦૯** | **કુલ સરવાળો (ટોટલ આવક)** | **૨૦,૦૮,૨૧,૬૧૬-૬૭** |

**શ્રી જિજ્ઞેશભાઈ બાબુલાલ પટેલ**
મેને. ડીરેક્ટરશ્રી

**શ્રી સુરેશભાઈ ઈશ્વરલાલ પટેલ**
મેનેજરશ્રી

**-: આંતરિક અન્વેષકો :-**

**શ્રી રાજેશભાઈ મણીલાલ પટેલ**
**શ્રી જ્યંતિભાઈ સોમાભાઈ પટેલ**

**શ્રી મહેન્દ્રભાઈ કાન્તિલાલ પટેલ**
પ્રમુખશ્રી

**શ્રી સચીનકુમાર જ્યંતિલાલ પટેલ**
ઉપ-પ્રમુખશ્રી

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

## તા. ૩૧-૩-૨૦૨૧ ના રોજ પુરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતું

| તા. ૩૧-૩-૨૦૨૦ રૂપિયા પૈસા | જાવક ખર્ચ | તા. ૩૧-૩-૨૦૨૧ રૂપિયા પૈસા |
|---:|---|---:|
| ૧૭,૨૭,૭૧,૭૧૬-૫૧ | આગળનો સરવાળો | ૧૮,૬૩,૦૭,૧૧૫-૫૩ |
| ૬૫,૦૦,૦૦૦-૦૦ | ૧૯. ઈન્કમટેક્ષ (F.Y.2019-20) (A.Y.2020-21) | |
| | ૨૦. ઈન્કમટેક્ષ (F.Y.2020-21) (A.Y.2021-22) | ૨૭,૦૦,૦૦૦-૦૦ |
| ૨,૪૨,૫૫૦-૦૦ | ૨૧. સીક્યુરીટી ગાર્ડ ખર્ચ | ૨,૪૫,૯૬૭-૦૦ |
| ૭,૦૬૮-૨૦ | ૨૨. SGL ચાર્જ | ૧૭,૧૬૯-૦૦ |
| ૦૦-૦૦ | ૨૩. બેડ & ડાઉટફુલ & ડેબ્ટસ ફંડ ખર્ચ | ૦૦-૦૦ |
| ૩૫,૪૫૬-૦૦ | ૨૪. પ્રોવિડંડ ફંડ મેન્ટે. ખર્ચ | ૩૬,૩૩૬-૦૦ |
| ૫,૦૦,૦૦૦-૦૦ | ૨૫. સ્ટાફ ગ્રેજ્યુઈટી ફંડ | ૦૦-૦૦ |
| ૪,૫૩,૬૧૧-૯૦ | ૨૬. GST ખર્ચ | ૩,૪૫,૭૩૨-૪૦ |
| ૪,૦૦,૦૦૦-૦૦ | ૨૭. સ્ટાન્ડર્ડ એસેટ્સ પ્રોવિઝન ખર્ચ | ૦૦-૦૦ |
| ૧,૭૪,૦૧૩-૦૦ | ૨૮. PRIOR PERIOD I-TAX EXP | ૦૦-૦૦ |
| ૧,૧૧,૧૧૧-૦૦ | ૨૯. CM RELIEF FUND EXP(COVID-19) | ૦૦-૦૦ |
| ૦૦-૦૦ | ૩૦. લવાજમ ખર્ચ | ૩૫,૦૦૦-૦૦ |
| ૦૦-૦૦ | ૩૧. ચૂંટણી ખર્ચ | ૨,૭૯,૨૪૫-૦૦ |
| ૦૦-૦૦ | ૩૨. સિક્યુરીટી પ્રિમીયમ | ૧,૨૫,૦૦૦-૦૦ |
| ૧,૪૧,૦૨,૪૧૭-૪૭ | નફો સરવૈયામાં લઈ ગયા. | ૧,૦૭,૩૦,૦૫૧-૭૪ |
| **૧૯,૫૨,૯૭,૯૪૪-૦૯** | **કુલ સરવાળો (જાવક)** | **૨૦,૦૮,૨૧,૬૧૬-૬૭** |

**અમારા આજ તારીખના ઓડીટ રીપોર્ટ તથા**
**સામાન્ય શેરોને આધીન**



**સ્થળ : વિસનગર**
**તારીખ : ૧૧-૦૬-૨૦૨૧**

ઓડીટર્સ
**એસ. આર.પટેલ એન્ડ કું.**
**(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)**
**(Mem. No. : 136459)**

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

## તા.૩૧/૦૩/૨૦૨૧ ના રોજ પુરા થતા વર્ષના હિસાબો સંબંધી નિતીઓ અને નોંધો

## શિડ્યુલ - એ

**(અ) હિસાબી નિતીઓ**

૧. **નાણાકીય પત્રકોની હિસાબી પ્રણાલીકાનો આધાર :** આ સાથે સામેલ નાણાકીય પત્રકો, જે માટે અલગથી જણાવેલ છે તે સિવાય ભારત દેશમાં સામાન્ય રીતે સ્વીકારાયેલ હિસાબી સિધ્ધાંતો તેમજ પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈઓ તથા પ્રેકટીસના આધારે તૈયાર કરવામાં આવ્યા છે.

૨. **આવકની માન્યતા :** સામાન્યતઃ બધી જ આવકો મળવા પાત્ર આવકના આધારે લીધેલ છે. કમીશન, શેર રોકાણો પરનું ડિવિડન્ડ તથા વટાવની આવકો પ્રચલીત પ્રેકટીસને ધ્યાનમાં લેતા રોકડના આધારે ગણતરીમાં લીધેલ છે. બિનઉપજાઉ અસ્કયામતો ઉપર વ્યાજ તથા બિન ઉપજાઉ ધિરાણ ખાતાઓ ઉપરનું વ્યાજ રિઝર્વ બેંકના માર્ગદર્શક નિયમો મુજબ જ્યારે ખરેખર ખાતામાં જમા કરાવામાં આવે ત્યારે જ વ્યાજ આવક તરીકે ગણવામાં આવે છે.

૩. **જાવક ખર્ચાઓ :** સામાન્ય રીતે બધા જ ખર્ચ સિવાય કે, નાની રકમના ખર્ચના વ્યવહારની અચોક્કસતા અને પ્રચલિત પ્રેકટીસને ધ્યાનમાં લેતા થવા પાત્ર ખર્ચને આધારે ગણતરીમાં લેવાયા છે. સિવાય કે

અ. રજાઓ સામેનું ચૂકવણું

બ. પરચુરણ ખર્ચ, લવાજમ, મુસાફરી ખર્ચ

ક. વિમા પ્રિમીયમ

ડ. લાઈટબીલ, ટેલીફોન ખર્ચ, વકીલ તથા ઓડીટ ફી

૪. **સ્ટાફના નિવૃત્તિના લાભો :**

અ. પ્રોવિડન્ડ ફંડ : પ્રોવિડન્ડ ફંડમાં બેંકના ફાળાની રકમ નફા-નુકશાન ખાતે ઉધારવામાં આવે છે. અને તે મુજબ સરકારી પ્રોવિડન્ડ ફંડ એકાઉન્ટમાં જમા કરાવેલ છે.

બ. ગ્રેજ્યુઈટી ફંડ : બેંક એલ.આઈ. સી. સાથે ગૃપ ગ્રેજ્યુઈટી ફંડમાં જોડાયેલ છે. પ્રિમિયમની રકમ નફા-નુકશાન ખાતે ઉધારેલ છે.

ક. લીવ એન્કેશમેન્ટ : કર્મચારી નિવૃત્તિ સમયે તેમની રજાઓ સામેના પગારની ચૂકવણી કરવાની થાય તે પ્રમાણે ખર્ચ નફા-નુકશાન ખાતે ઉધારેલ છે.

૫. **સ્થાયી મિલ્કતો :** સ્થાયી મિલ્કતોની કિંમત મુળ કિંમતમાંથી ઘસારો બાદ કર્યા પછી દર્શાવેલ છે. બેંકે કોઈપણ સ્થાવર મિલકતનું પુનઃ મૂલ્યાંકન કરેલ નથી.

૬. **ઘસારો :** સ્થાવર મિલ્કતો ઉપર ઘસારો બાદ જતા તેની ઘટતી જતી કિંમત ઉપર ઘસારો ગણવામાં આવે છે. જે ઘસારાનો દર લાગુ પાડવામાં આવ્યો છે. તેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | ઘસારાનો દર |
|---|---|---|
| ૧ | બિલ્ડીંગ | ૦૫.૦૦ % |
| ૨ | ફર્નિચર અને ફીક્સ્ચર્સ / ડેડસ્ટોક | ૧૦.૦૦ % |
| ૩ | કોમ્પ્યુટર્સ | ૩૩.૩૩ % |
| ૪ | લોકર્સ | ૦૨.૫૦ % |
| ૫ | મશીનરી ઈક્વીપમેન્ટ (જનરેટર) | ૧૦.૦૦ % |

વર્ષ દરમ્યાન ખરીદેલ સ્થાયી મિલ્કતો જો ૧૮૦ દિવસ કરતાં વધુ સમયથી હોય તો તે ઉપર પુરેપુરા દરથી ઘસારો ગણેલ છે. જ્યારે અન્ય કિસ્સાઓમાં પ્રવર્તમાન દરના ૫૦ ટકા પ્રમાણે ઘસારો ગણેલ છે.

૭. **ધિરાણો :**

અ. રીઝર્વ બેંકના ધારા ધોરણ મુજબ બેંકના ખાતાઓ પૈકી પરફોર્મીંગ અને નોન પરફોર્મીંગ ખાતાઓનું વર્ગીકરણ કરવામાં આવે છે અને નોન પરફોર્મીંગ ખાતાઓ માટે ધારાધોરણ મુજબ કરવી પડતી જોગવાઈ કરેલ છે.

બ. સ્ટાન્ડર્ડ ધિરાણ ખાતાઓ સામે કરેલ જોગવાઈ સ્ટાન્ડર્ડ એસેટ્સ જોગવાઈ ખાતે દર્શાવેલ છે.

૮. **રોકાણો :** રોકાણોનું વર્ગીકરણ તથા મૂલ્યાંકન રીઝર્વ બેંકના માર્ગદર્શક નિયમો મુજબ કરવામાં આવે છે.
અ. રોકાણો નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે.
૧ કેન્દ્ર તથા રાજ્ય સરકારની જામીનગીરીઓ
૨ માન્ય ટ્રસ્ટી જામીનગીરીઓ
૩ સહકારી બેંકોના શેર્સ
૪ અન્ય રોકાણો
બ. વધુમાં રોકાણો નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે.
૧ હેલ્ડ ટુ મેચ્યુરીટી
૨ હેલ્ડ ફોર ટ્રેડીંગ
૩ અવેલેબલ ફોર સેલ

૯. **વિદેશી ચલણના વ્યવહારો :** વર્ષ દરમ્યાન બેંકે વિદેશી ચલણના કોઈપણ વ્યવહાર કરેલ નથી.

૧૦. **આવકવેરો :** આવકવેરા સંબંધી જોગવાઈઓ જે તે આકારણી વર્ષ માટે ટેક્ષના લાગુ પડતા કાયદાની જોગવાઈઓ પ્રમાણે કાયદા મુજબની રાહતો બાદ ગણતરી કરવાની રહે છે. બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ પેટે રૂા. ૨૫.૦૦ લાખ નફા-નુકશાન ખાતે ઉધારેલ છે જે એડવાન્સ ટેક્ષ ચૂકવેલ છે અને બેંકે ચાલુ વર્ષની આવકવેરાની જોગવાઈ કરેલ નથી તથા ડીફરટેક્ષ એસેટસ અથવા ડીફરટેક્ષ લાયબીલીટીની જોગવાઈ કરેલ નથી.

**(બ) હિસાબોની નોંધો :** હિસાબોની નોંધ તરીકે પ્રગટ કરવી પડતી માહિતીની વિગત નીચે પ્રમાણે છે.

૧. **સી.આર.એ.આર.ની પરિસ્થિતી :** તા. ૩૧-૩-૨૧ ના રોજ સી.આર.એ.આર. ૧૪.૭૦ ટકા છે. જે ગત વર્ષે તા. ૩૧-૩-૨૦ ના રોજ ૧૯.૫૪ ટકા હતો. બેંકે રીઝર્વ બેંકની માર્ગદર્શિકા મુજબ લઘુત્તમ મર્યાદા જાળવી રાખેલ છે.

૨. **રોકાણો :** ૩૧-૦૩-૨૦૨૧

અ. એસ.એલ.આર. રોકાણો :
સરકારની જામીનગીરીમાં :-

| અ.નં. | વિગત | રૂા. લાખમાં |
|---|---|---|
| ૧. | ગવર્મેન્ટ સિક્યોરીટી (GOI) | ૩૯૭૧.૩૦ |
| ૨. | ટ્રેઝરી બિલ (GOI) | ૩૯૬૨.૫૧ |

બ. નોન એસ.એલ.આર. રોકાણો :
(૧) ઉપજાઉ નોન એસ.એલ.આર. રોકાણો :

| અ.નં. | વિગત | રૂા. લાખમાં |
|---|---|---|
| ૧. | પબ્લીક સેક્ટર બેંક | ૧૭૯૪.૦૦ |
| ૨. | સ્ટેટ તથા ડિસ્ટ્રીક્ટ બેંકના શેર્સ | ૩૧.૪૫ |
| ૩. | ગુજરાત સ્ટેટ કો.ઓપ.બેંક લિ. | ૪.૦૦ |

(૨) બિન ઉપજાઉ નોન એસ.એલ.આર. રોકાણો :

| અ.નં. | વિગત | રૂા. લાખમાં |
|---|---|---|
| ૧. | શરૂની બાકી | ૨૨૫.૦૦ |
| ૨. | આખરની બાકી | ૨૨૫.૦૦ |
| ૩. | કરેલ કુલ જોગવાઈ | ૨૨૫.૦૦ |

ઉપર જણાવેલ બિન ઉપજાઉ રોકાણો રૂા. ૨૦૦ લાખ સી.આર.બી. કેપીટલમાં રૂા. ૨૫ લાખ ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની ડીપોઝીટમાં કરેલ છે. જેની સામે પર્યાપ્ત જોગવાઈ કરેલ છે.

૩. બેંકે શેર કે ડિબેન્ચર્સ સામે કોઈ ધિરાણ કરેલ નથી.

૪. બેંકે ડિરેક્ટર્સ કે તેમના સગા-સંબંધીઓને અથવા કોઈ પેઢી કે કંપની જેમાં તેઓ હિત ધરાવતા હોય તેઓને વર્ષ દરમ્યાન કોઈ ધિરાણ કરેલ નથી.

૫. થાપણોની પડતર :
વર્ષ દરમ્યાન બેંકે ચૂકવેલ થાપણો પરનું વ્યાજ રૂા. ૧૦૫૩.૩૮ લાખ છે. તથા ૩૧-૩-૨૦૨૧ ના રોજ કુલ થાપણો રૂા. ૧૬,૭૪૫-૮૦ લાખ છે. જેથી થાપણોની સરેરાશ પડતર ૬.૩૦ ટકા થાય છે.

૬. બિન ઉપજાઉ ધિરાણો : (રૂા. લાખમાં)

| વિગત | ૩૧-૦૩-૨૦૨૦ | ૩૧-૦૩-૨૦૨૧ |
|---|---|---|
| ગ્રોસ NPA | ૬૪.૭૬ | ૫૩.૩૪ |
| જરૂરી પ્રોવિઝન | ૨૫.૬૮ | ૨૨.૪૬ |
| ખરેખર પ્રોવિઝન | ૩૫૭.૧૧ | ૩૬૮.૧૨ |
| ધિરાણના ગ્રોસ ટકા | ૧.૨૦% | ૦.૬૬% |

૭. નફાકારકતા :

| | | |
|---|---|---|
| અ. | વ્યાજ આવક : કાર્યકારી મુડી ગુણોત્તર | : ૬.૬૨ % |
| બ. | વ્યાજ સિવાયની આવક : કાર્યકારી મુડી ગુણોત્તર | : ૦.૩૨ % |
| ક. | ઓપરેટીંગ પ્રોફીટ : કાર્યકારી મુડી ગુણોત્તર | : ૦.૭૪ % |
| ડ. | રીટર્ન ઓન એસેટ્સ | : ૩.૦૨ % |
| ઈ. | કર્મચારી દીઠ કામકાજ રૂા. લાખમાં | : રૂા. ૧૦૮૧.૩૦ લાખ |
| ફ. | કર્મચારી દીઠ નફો રૂા. લાખમાં | : રૂા. ૪.૬૭ લાખમાં |

૮. કરેલ જોગવાઈઓની વિગત : (રૂા. લાખમાં)

| વિગત | | ૩૧-૦૩-૨૦૨૦ | ૩૧-૦૩-૨૦૨૧ |
|---|---|---|---|
| અ. | ધિરાણની સામે | ૩૩૭.૧૧ | ૩૪૦.૧૨ |
| બ. | ઈન્વેસ્ટમેન્ટ ડેપ્રીસીએન ફંડ | ૨૨૬.૫૧ | ૨૨૫.૦૦ |
| ક. | સ્ટાડર્ન્ડ એસેટ્સ સામે | ૧૮.૦૦ | ૨૮.૦૦ |

૯. વર્ષ દરમ્યાન બેંકે વિદેશી ચલણના કોઈપણ વ્યવહાર કરેલ નથી.

૧૦. પ્રિમિયમ : બેંકે અર્ધવાર્ષિક ભરવા પાત્ર DICGC પ્રિમિયમ તા. ૩૦-૦૯-૨૦૨૧ સુધીનું ભરેલ છે. ભરવા પાત્ર થતું પ્રિમિયમ કોઈ ભરવાનું રહેતું નથી.

૧૧. બેંકે વર્ષ દરમ્યાન કોઈપણ ધિરાણ ખાતાને પુનઃ બંધારીત (Restructured) કરેલ નથી.

૧૨. બેંકે પોતાની સ્થાયી મિલ્કત ઘસારા બાદ કિંમતે દર્શાવેલ છે. બેંકે તેની કોઈ પણ સ્થાયી મિલ્કતનું પુનઃ મૂલ્યાંકન કરેલ નથી તથા ઘસારાની પધ્ધતિ કે દરમાં કોઈપણ ફેરફાર કરેલ નથી.

૧૩. બેંકની શાખા અને હેડ ઓફીસની બાકીઓની મેળવણી કરેલ છે તેમાં તફાવત આવે છે.

૧૪. બેંકના વ્યવસ્થાપક મંડળનો અભિપ્રાય છે કે બેન્કે કેશ ફ્લો સ્ટેટમેન્ટ અને સેગમેન્ટ રીપોર્ટની જરૂર નથી.

૧૫. DEAF ખાતામાં ૩૧-૦૩-૨૦૨૧ ના રોજ મળવાપાત્ર બાકી ૪,૨૭,૫૮૫-૦૬ છે.

૧૬. આ બેંક એ કો.ઓપ.બેંક છે માટે રીલેટેડ પાર્ટી અંગે કોઈ રીપોર્ટની જરૂર નથી.

૧૭. પાછલા વર્ષના આંકડા ચાલુ વર્ષના આંકડા સાથે સરખામણી કરવા માટે જરૂર જણાય તે પ્રમાણે પુનઃ વર્ગીકૃત કરેલા છે.



ઓડીટર્સ

**એસ. આર.પટેલ એન્ડ કાું.**
**(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)**
**વિસનગર.**
**(Mem. No. : 136459)**

**સ્થળ : વિસનગર**

**તારીખ : ૧૧-૦૬-૨૦૨૧**

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

## બેંકના કામકાજ અંગેની મહત્વની માહિતી

| વિગત | ૩૧ માર્ચ ૨૦૧૯ | ૩૧ માર્ચ ૨૦૨૦ | ૩૧ માર્ચ ૨૦૨૧ |
|---|---|---|---|
| શેર કેપીટલ | ૯૯.૪૨ | ૮૯.૮૩ | ૭૫.૧૧ |
| રિઝર્વ ફંડ અને અન્ય અનામત ફંડ | ૧૬૩૧.૮૫ | ૧૭૬૦.૦૦ | ૧૯૦૦.૭૩ |
| નેટવર્થ | ૧૧૩૯.૨૨ | ૧૨૧૮.૧૪ | ૧૩૦૦.૩૮ |
| થાપણો (*) | ૧૧૬૭૮.૨૨ | ૧૪૦૩૨.૦૨ | ૧૬૭૪૫.૮૧ |
| ધિરાણ | ૫૮૭૮.૩૧ | ૫૩૯૮.૪૩ | ૮૧૩૭.૭૭ |
| સી.આર.એ.આર (%) | ૧૮.૩૩ | ૧૯.૫૪ | ૧૪.૬૬ |
| નફો (ફાળવણી પહેલાનો) | ૧૨૫.૨૪ | ૧૪૧.૦૨ | ૧૦૭.૩૦ |
| ગ્રોસ એન.પી.એ. | ૨૨.૮૨ | ૬૪.૭૬ | ૫૩.૩૪ |
| એન.પી.એ. સામે પ્રોવિઝન | ૩૩૭.૮૭ | ૩૫૭.૧૧ | ૩૬૮.૧૨ |
| ગ્રોસ એન.પી.એ. (%) | ૦.૩૯ | ૧.૨૦ | ૦.૬૬ |
| નેટ એન.પી.એ. (%) | NIL | NIL | NIL |

**(*) ઉપર જણાવેલ કુલ થાપણો ઉપર ચૂકવવા પાત્ર વ્યાજનો સમાવેશ કરેલ છે.**

(૧) RBI ની ગાઈડ લાઈન મુજબ બેંકમાં ચાલતા કોઈપણ ખાતામાં દશ વર્ષથી કોઈજ ટ્રાન્ઝેક્શન થયેલ ન હોય તો તેવા ખાતાની જમા રકમ RBI માં જમા થઈ જશે. તે પરત લાવવાની ઘણી લાંબી પ્રોસેસ છે. તો દરેક ખાતેદારોએ તેમના ખાતામાં દર વર્ષે એક વાર જમા/ઉધાર ટ્રાન્ઝેક્શન કરવા વિનંતી.

(૨) આપણી બેંકના ખાતેદારોને જણાવવાનું કે બેંક દ્વારા ફોન ઉપર ક્યારેય પણ તમારો પાસવર્ડ અન્ય કોઈ ગુપ્ત માહિતી મંગાવવામાં આવતી નથી. જો આવો કોઈ ફોન આવેતો તમારી ગુપ્ત માહિતી આપવી નહીં.

(૩) RBI ની સુચના અનુસાર બેંકના દરેક ખાતેદારોએ KYC ના પુરાવા આપવા ફરજીયાત છે તો દરેક સેવિંગ્સ/કરન્ટ/ફિક્સ ડીપોઝીટ ખાતેદારોએ KYC આપવાના બાકી હોય તો તેવા ખાતેદારોએ સત્વરે KYC આપી જવા.

(૪) તા. ૧-૪-૨૦૨૦ થી ઈન્કમટેક્ષ કાયદાના સુધારા અનુસાર (સીનીયર સીટીઝન માટે) ૫૦,૦૦૦/- રૂા. કે તેથી વધારે એક વર્ષનું વ્યાજ થતુ હશે તો ૧૦% TDS કપાશે. રીકરીંગ તથા ફિક્સ ડિપોઝીટ ખાતેદારોએ 15G ફોર્મ (૬૦ વર્ષથી નીચે) આપેલ નહી હોય તો રૂા. ૪૦,૦૦૦/ કે તેથી વધારે વ્યાજ થતું હશે તો ૧૦% TDS કપાશે. તથા 15H ફોર્મ (૬૦ વર્ષથી ઉપર)આપી જવા વિનંતી પાન નંબર આપવો ફરજીયાત છે. પાન નંબર નહિ આપેલ હોય તો ૨૦% TDS કપાશે જેની જવાબદારી બેંકની રહેશે નહીં.

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

**બેંકમાં વર્ષ (માર્ચ ૨૦૨૧) આખરે જુદી જુદી ડીપોઝીટના ખાતાંની સંખ્યા તથા રકમ નીચે પ્રમાણે છે.**

| ખાતાની વિગત | ખાતાની સંખ્યા | રકમ |
|---|---|---|
| કરંટ | ૧૦૯૮ | ૧૮,૦૭,૪૦,૨૦૭-૩૦ |
| સેવિંગ્સ | ૯૫૨૬ | ૨૦,૬૩,૯૦,૦૧૨-૪૦ |
| રીકરીંગ | ૧૧૫ | ૫૫,૧૦,૩૦૦-૦૦ |
| ફિક્સ ડીપોઝીટ | ૭૬૨૫ | ૧,૨૫,૦૬,૪૧,૧૧૮-૦૦ |
| માર્કેટ સર્ટીફીકેટ | ૭ | ૭,૬૦૦-૦૦ |
| લોકર અનામત | ૨૮૯૨ | ૨,૯૧,૬૦,૦૦૦-૦૦ |
| ધિરાણ ખાતાની જમા રકમ | -- | ૨૧,૩૧,૨૮૫-૫૪ |
| ઈન્ટરેસ્ટ પેએબલ ડીપોઝીટ | -- | ૧૦,૮૯,૦૫,૨૨૦-૦૦ |
| | | |

**બેંકમાં વર્ષ (માર્ચ ૨૦૨૧) આખરે ધિરાણ ખાતાંની સંખ્યા અને રકમ નીચે પ્રમાણે છે.**

| ધિરાણના પ્રકાર | ખાતાની સંખ્યા | રકમ |
|---|---|---|
| માલતારણ (PCC) | ૧૩૨ | ૧૭,૧૭,૨૮,૩૪૯-૫૨ |
| સુપરસ્ટોક (SS) | ૨૨ | ૧,૧૮,૫૭,૪૭૦-૦૦ |
| હાઈપોથીકેશન કેશક્રેડીટ (HCC) | ૧૨૯ | ૩૩,૬૬,૧૧,૧૧૬-૩૧ |
| સ્થાવર મિલકત સામે ધિરાણ (AP) | ૪૨ | ૯,૪૧,૨૬,૫૫૦-૬૫ |
| પ્રોપર્ટી ટર્મ લોન (PT) | ૨૮ | ૩,૬૮,૫૫,૪૮૧-૧૨ |
| હાઈપોથીકેશન (HY) | ૫૧ | ૪૪,૬૦,૮૨૧-૬૪ |
| હાયર પરચેઝ (HP) | ૩૦ | ૨,૦૯,૪૭,૩૦૭-૪૧ |
| કેશ ક્રેડીટ (CC) | ૬૦ | ૧૮,૮૦,૮૪૨-૭૭ |
| સ્ટાફ લોન (SL) | ૧૪ | ૧૦,૭૯,૩૫૮-૨૦ |
| સ્ટાફ વ્હીકલ લોન (SV) | ૩ | ૮૧,૧૧૫-૨૧ |
| સ્ટાફ હાઉસીંગ લોન (SH) | -- | ---- |
| ફિક્સ ડીપોઝીટ સામે લોન (FX) | ૩ | ૯૯,૩૩૧-૦૦ |
| ફિક્સ ડીપોઝીટ સામે ઓવરડ્રાફ્ટ (FO) | ૧૧૦ | ૧,૬૮,૬૩,૮૪૩-૭૭ |
| ફિક્સ ડીપોઝીટ સામે કરંટ ઓવરડ્રાફ્ટ (CUOD) | ૫૭ | ૨,૩૫,૨૬,૩૫૭-૦૫ |
| એજ્યુકેશન લોન (EL) | ૦ | ૦.૦૦ |
| હાઉસીંગ લોન (HL) | ૨૩ | ૩,૮૩,૪૯,૫૫૪-૮૭ |
| આત્મનિર્ભર લોન | ૫૫૬ | ૫,૫૩,૦૯,૫૨૬-૦૦ |
| ટોટલ | ૧૨૬૦ | ૮૧,૩૭,૭૭,૦૨૫-૨૨ |

ધિરાણ : બેંકનો મૂળભૂત આશય નાના મોટા વેપારી વર્ગ તથા ઈન્ડસ્ટ્રીઝ ધરાવતા લોકોને તેમના ધંધાકિય વિકાસમાં મદદ કરવાનો છે બેંકના સભાસદોને તેમની જરૂરિયાત મુજબ ઝડપથી પુરતા પ્રમાણમાં ધિરાણ સવલત મળી રહે તે માટે ઉપરોક્ત વિવિધ પ્રકારની ધિરાણ સવલતો બેંક આપે છે.

NPA : ગ્રોસ NPA સામે બેંક દ્વારા રૂા. ૩,૬૮,૧૨,૮૬૫-૯૦ ની જોગવાઈ કરેલ છે. જેથી નેટ NPA 0% છે.

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

## પેટા કાયદામાં સુધારો કરવા બાબત

**પરિશિષ્ટ-અ**

| પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારા બાદ અમલમાં આવનાર નવો પેટા કાયદો | સુધારનું કારણ |
|---|---|---|---|
| ૪૬ | ૧ થી ૨૧ નંબર મુજબ કામગીરી કરશે. | ૧ થી ૨૧ નંબર મુજબ કામકાજ તથા ૨૨ નંબરના સુધારો નીચે મુજબ ઉમેરાશે. રિઝર્વ બેંકની ગાઈડલાઈન મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવાનું તથા નિમણુંક અને હોદ્દાથી દૂર કરવાની સત્તા ડાયરેક્ટર બોર્ડની રહેશે. | રિઝર્વ બેંકના પરિપત્ર મુજબ જરૂરી હોવાથી |
| ૮૧ | નવિન ઉમેરો. | **બોર્ડ ઓફ મેનેજમેન્ટ (BOM )** રિઝર્વ બેંકના બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવા માટેના પરિપત્રને ધ્યાનમાં લઈ તેની ગાઈડલાઈન મુજબ તથા રિઝર્વ બેંકના વખતોવખતના સુધારા મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટની સંખ્યા તથા નિતી નિયમોના પાલન સાથે બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવામાં આવશે. તેની રચના કરવાના અધિકારો ડિરેક્ટર બોર્ડને રહેશે. | રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં. DOR (PCB). BPD. CIR. No.8/12.05.002/2019-20 તા. ૩૧/૧૨/૨૦૧૯ આવેલ છે. તેના અમલ માટે સુધારો જરૂરી હોવાથી કરવામાં આવેલ છે. |

| ● ડિપોઝીટના વ્યાજ દર ● | |
|---|---|
| ૩૦ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૪.૦૦% |
| ૯૧ દિવસ થી ૧૮૦ દિવસ સુધી | ૪.૫૦% |
| ૧૮૧ દિવસ થી ૧ વર્ષ સુધી | ૬.૦૦% |
| ૧ વર્ષ થી વધુ (૧૩ માસ) અને ૨ વર્ષ સુધી | ૬.૨૫% |
| ૨ વર્ષ થી વધુ (૨૫ માસ) અને ૩ વર્ષ સુધી | ૬.૫૦% |
| ૩ વર્ષ થી વધુ (૩૭ માસ) અને ૪ વર્ષ સુધી | ૬.૭૫% |
| સીનીયર સીટીઝન ડીપોજીટરને વધારે | ૦.૫૦% |

| ● ધિરાણના વ્યાજ દર ● | |
|---|---|
| ૧ થી ૧,૦૦,૦૦૦ સુધી કેશક્રેડીટ લોન | ૧૨.૦૦% |
| માલતારણ ધિરાણ | ૧૨.૦૦% |
| એચ.સી.સી. ધિરાણ મોર્ગેજ કરીને | ૧૧.૦૦% |
| હાઈપોથીકેશન ધિરાણ | ૧૧.૦૦% |
| સ્થાવર મિલકત સામે ધિરાણ | ૧૧.૦૦% |
| કોમર્શિયલ પ્રોપર્ટી ટર્મ લોન | ૧૧.૦૦% |
| હાઉસિંગ લોન | ૧૦.૦૦% |
| હાયર પરચેઝ (વ્હીકલ લોન) | ૮.૫૦% |
| સુપર સ્ટોકીસ્ટ ધિરાણ | ૯.૫૦% થી ૧૧.૦૦% |
| સ્ટુડન્ટસ લોન | ૭.૦૦% થી ૯.૦૦% |

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના આદેશ અનુસાર બેંકના દરેક ખાતેદારોએ પોતાનો અભ્યાસ, વ્યવસાય, આવક, વારસદારનું નામ, પાન કાર્ડ, આધાર કાર્ડ, મોબાઈલ નંબર, માતા-પિતાનું નામ, પતિ-પત્નિનું નામ, જન્મ તારીખ વિગેરે વિગતો આપવી ફરજીયાત છે.

લોન લીધેલ દરેક ખાતેદારોએ દર માસે ખાતામાં ફરજીયાત વ્યાજ ભરવાનું રહેશે.

**લોકર ધારકોને ખાસ સુચના :**

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના આદેશ અનુસાર બેંકના દરેક લોકર ધારકોને વર્ષમાં એકવાર પોતાનું લોકર ઓપરેટ કરવું અનિવાર્ય છે. દરેક લોકર ધારકે KYC ના પુરાવા પાનકાર્ડ, આધારકાર્ડ અને પુર્તતા ફોર્મનો પુરાવો વગેરે પૂર્ણ કરાવી જવા વિનંતી.

**ખાતેદારોને ખાસ સુચના :**

દરેક ખાતાધારકોને દર છ માસે ટ્રાન્ઝેક્શન કરવું જરૂરી છે. નહિતર ખાતું બે વર્ષ બાદ અન ઓપરેટીવ થઈ જાય છે. જે નવેસરથી KYC આપ્યા બાદ ઓપરેટીવ થશે. જેની ખાતેદારોએ તકેદારી રાખવી.

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના આદેશ અનુસાર બેંકના દરેક સભાસદોએ KYC ના પુરાવા આપવા ફરજીયાત છે તો દરેક સભાસદોએ તેમના KYC ના પુરાવા બેંકમાં જમા કરાવી જવા. જો આ બેંકમાં સભાસદના સેવિંગ્સ/કરન્ટ ખાતા ચાલુ હોય તો તેઓએ તેમના એકાઉન્ટ નંબર લખાવી જવા, જેથી ડિવિડન્ડ ની રકમ તેમના ખાતામાં જમા થઈ શકે. જેમના એકાઉન્ટ ન હોય તેઓએ એકાઉન્ટ ખોલાવી જવા સુચન છે. સરકારી કાયદા મુજબ સેન્ટ્રલ KYC માટે દરેક ગ્રાહકે આધાર કાર્ડ અને પાન કાર્ડની ઝેરોક્ષ આપવી ફરજીયાત છે. જેની નોંધ લેવા વિનંતી.

R.B.I. ની ગાઈડ લાઈન અનુસાર બેંકમાં ચાલતા કોઈપણ ખાતામાં દસ વર્ષથી કોઈજ ટ્રાન્જેક્શન થયું નહી હોય તો તેવા ખાતા R.B.I. માં જમા કરાવવાનો નિયમ છે. તો દરેક ખાતેદારોએ તેમના ખાતામાં જરૂરી ટ્રાન્જેક્શન કરવા વિનંતી જેથી આપની રકમ સચવાય.

નોંધ : સભાસદો તથા ખાતેદારોને વિનંતી કે આપનો ખાતા નંબર, એફ.ડી. વિગેરેની કોઈપણ પ્રકારની માહિતી મોબાઈલ ઉપર આપવી નહી. બેંક દ્વારા ફોન ઉપર ક્યારેય પણ તમારા ખાતાની કોઈ માહિતી માંગવામાં આવતી નથી. જો આવો કોઈ ફોન આવે તો માહિતી આપવી નહીં. કોઈ પણ બેંક કે સરકારી સંસ્થા આપની પર્સનલ માહિતી માગતી નથી. જાગૃત રહેવા વિનંતી.

# માર્કેટયાર્ડ કોમર્શીયલ કો.ઓપ. બેંક લિ. ઊંઝા.

## ૪૭ મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના તમામ સભાસદશ્રીને વિનંતી કરવામાં આવે છે કે, બેંકની ૪૭ મી વાર્ષિક સાધારણ સભા તા. ૩૦-૦૭-૨૦૨૧ ને શુક્રવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે શ્રી ઉમિયા માતાજીના સભાગૃહમાં નીચેના કામોના નિકાલ માટે મળશે તો સમયસર પધારવા વિનંતી છે.

## કામની વિગત

(૧) તા. ૨૭-૦૧-૨૦૨૧ ના રોજ મળેલી સાધારણ સભાની કાર્યવાહીની નોંધ લેવા બાબત.
(૨) બેંકના તા. ૩૧-૦૩-૨૦૨૧ ના રોજ પુરા થતા વર્ષનો કાર્યવાહક મંડળે રજૂ કરેલા વાર્ષિક અહેવાલ, સરવૈયુ અને નફા તોટાનો હિસાબ અને ઓડિટર્સનો રીપોર્ટ મંજુર કરવા બાબત.
(૩) નફાની ફાળવણી અને વહેંચણી કરવા બાબત.
(૪) શેરની ભરાયેલ રકમ ઉપર ડિવિડન્ડની વહેંચણી રીઝર્વ બેંકની પરમીશન મલેથી જાહેર કરવા બાબત.
(૫) સને ૨૦૨૧-૨૦૨૨ ની સાલ માટે બેંકે વધારેમાં વધારે કરવાના કર્જની હદ નક્કી કરવા બાબત.
(૬) સને ૨૦૨૧-૨૦૨૨ ની સાલ માટે સ્ટેચ્યુટરી ઓડિટર્સની નિમણુંક કરવા બાબત.
(૭) સને ૨૦૨૧-૨૦૨૨ ની સાલ માટે બજેટ નક્કી કરવા બાબત.
(૮) સને ૨૦૨૧-૨૦૨૨ ની સાલ માટે આંતરિક અન્વેષકની નિમણૂંક કરવા બાબત.
(૯) બેંકના પેટા કાયદા સુધારા કરવા બાબત. (પરિશિષ્ટ એ મુજબ)
(૧૦) આ ઉપરાંત બીજા જે કામો પ્રમુખશ્રીની મંજુરીથી રજુ કરવામાં આવે તેનો નિકાલ કરવા બાબત.

**શ્રી સુરેશભાઈ ઈશ્વરલાલ પટેલ**
મેનેજરશ્રી
બોર્ડ ઓફ ડીરેક્ટર્સના હુકમથી.

### સાધારણ સભા અંગે

**નોંધ :-**

(૧) કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો તેજ દિવસે અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે.
(૨) હિસાબ તેમજ અન્ય માહિતી અંગેની પુછપરછ માટે સામાન્ય સભાના પાંચ દિવસ અગાઉ બેંકના સમય દરમ્યાન તે વિગત લખીને મોકલવા વિનંતી છે.
(૩) આપ સભામાં આવો ત્યારે આ સરવૈયાનો અહેવાલ સાથે લાવવા વિનંતી છે.



હેની ઓફસેટ, ઊંઝા.